જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૨૫/૦૩/૨૦૧૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>    <u>સમાચાર યાદી નં.૫૮૯/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૯૦ લીટર દેશી દારૂ, અને ૧૦૪ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૩ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૦૨ એક્ટીવા અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮,૨૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>    <u>સમાચાર યાદી નં.૫૯૦/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>લુંટ :-</u>    <u>સમાચાર યાદી નં.૫૯૧/૧૫</u>

**બાપુનગર** : ધનવંતીબહેન મનુભાઈ ટેકચંદાણી (સિંધી) (રહે. કવરગલી, કોરાણી હોલની સામે, ઠક્કર બાપાનગર, નરોડા) તા.૨૩/૩/૧૫ રાતનાં ૯/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર, શ્યામશિખર ટાવર સર્કલ નજીકથી ઓટોરીક્ષામાં બેસી જઇ રહ્યા હતા દરમ્યાન ઓટોરીક્ષામાં બેસેલ ચાર અજાણ્યા ઇસમોએ ધનવંતીબહેનને રીક્ષામાં દબાવી રાખી કપાળમાં ફેંટો મારી, સોનાની બે બંગડીઓ કિંમત રૂપિયા ૬૦,૦૦૦-/, ડાયમંડના પેન્ડલવાળો સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૮,૦૦૦-/, સોનાની બે વીંટીઓ કિંમત રૂપીયા ૧૬,૦૦૦-/, કાનની બુટી તથા કાનસેર કિમત રૂપીયા ૨૦,૦૦૦-/, ઈનટેક્ષ કંપનીનો મોબાઈલ કિંમત રૂપિયા ૧,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૪,૦૦૦/- મળી કુલ રૂપીયા ૧,૨૯,૦૦૦/-મત્તાની લુંટ કરી, ધનવંતીબહેનને ને ૦૮.નં.હા.પાસે, પંચેશ્વર મહાદેવ મંદિર, કુલપુરા પાટીયા ખાતે રીક્ષામાંથી નીચે ઉતારી દઈ નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ ધનવંતીબહેન ટેકચંદાણીએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

<u>ચોરી :-</u>    <u>સમાચાર યાદી નં.૫૯૨/૧૫</u>

**નારણપુરા** : રાજુભાઇ ચીનુભાઇ શાહ (રહે,હસમુખ કોલોની, વિજયનગર રૉડ, નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૩/૧૫ રાતનાં ૯/૦૦ થી તા.૨૪/૩/૧૫ ના કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી બેડરૂમમાં મુકેલ પર્સ જેમાં સેમસંગ મોબાઇલ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- અને ઘડીયાળ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજો હતા, તે પર્સની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સુરપાલસિંહ અજીતસિંહ ચલાવે છે.

**ઘાટલોડીયા** : જેસિંગભાઇ લક્ષ્મણભાઇ રબારી (મહેશભાઇ રબારીના મકાનમાં, ગોકુલનગર, રબારી વસાહત, ચાણક્યપુરી ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૩/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાની ઘાટલોડીયા, કે.કે.નગર રોડ ઉપર આવેલ દાગીના જ્વેલર્સ નામની દુકાનમાં એક અજાણી વ્યક્તિ ગ્રાહકનાં સ્વાંગમાં આવી, જેસિંગભાઇની નજર ચુકવી સોનાના મંગળસુત્રનાં પેંડલ નંગ- ૭ કિંમત રૂપિયા ૫૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોઇ.સ..શ્રી એચ એન બારીયા.ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા:-** **સમાચાર યાદી નં.૫૯૩/૧૫**

**રામોલ** : ઉષાબહેન સુરેશભાઇ પટેલ (ઉ.વ.૫૧)(રહે.સ્વામીનારાયણ કોલોની, બરોડા એક્સપ્રેસ હાઇ-વેની સામે, રામોલ) તા.૨૩/૩/૧૫ રાતનાં ૮/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઉષાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઉષાબહેન પટેલે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી અબ્દુલ્લાખાન નંનેમીયા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.